SIMULATIONS
Public Affairs Management Services

D-309, Shivalik Corporate Park, B/h IOC Petrol Pump, Between Shyamal – Shivranjani Cross Rd, On 132 Ft Ring Road, Satellite, Ahmedabad – 380015
Ph : 079- 65214200 Fax : 079-40065014
Email : simulationsindia@gmail.com

**Yug Prabhav**
**Edition:** Badoda | **Date:** June 09, 2011 | **Page No.:** 02 | **Category:** Sterling Hospital

Doctors' team successfully performs the first living donor liver transplant at Sterling Hospital

# સ્ટર્લિંગ હોસ્પિટલની ડોક્ટર્સ ટીમ દ્વારા જીવીત દાતાનાં લીવરની મદદથી સફળ લીવર ટ્રાન્સપ્લાન્ટ હાથ ધરાયું

અમદાવાદ,તા. ૯ :

સતત ૧૪ કલાકની ભારે જહેમત પછી, ગુજરાતની કોર્પોરેટર હોસ્પિટલમાં અગ્રેસર એવી સ્ટર્લિંગ હોસ્પિટલ, અમદાવાદની ડૉક્ટર્સ ટીમ દ્વારા તાજેતરમાં એક જીવિત વ્યક્તિના લીવરની મદદથી લીવર સીરોસીસથી પિડાતા વ્યક્તિમાં સફળ લીવર ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું. આણંદના ૫૨ વર્ષની ઉંમરના જનરલ પ્રેક્ટીશનર ડો. કનુભાઈ ગોહીલ અને તેમના સંબંધી શ્રી પરમાર ઉપર, આ ઓપરેશન ડો.એ.એસ.સોઈન, ડો. હિતેષ ચાવડા, ડો. રવિ મોહન્કા અને તેમની ટીમ દ્વારા હાથ ધરવામાં આવ્યું છે. ગુરગાંવના મેડીસીટી-ઈન્સ્ટીટ્યુટ ઓફ લીવર ટ્રાન્સપ્લાન્ટેશન એન્ડ રિજનરેટીવ મેડીસીન ઓફ લીવર ટ્રાન્સપ્લાંન્ટ એન્ડ હીપેટોબીલીઅરી સર્જન ડો.એ.એસ. સોઈન અને તેમની ટીમ ભારતમાં લીવર ટ્રાન્સપ્લાન્ટેશનનો સૌથી વધુ અનુભવ ધરાવે છે.



આ કેસની અંગેની વિગત આપતાં સ્ટર્લિંગ હોસ્પિટલ, અમદાવાદના કન્સલ્ટન્ટ હીપેટોબીલીઅરી સર્જન તથા લીવર ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામના ડિવઝિન ચીફ ડો. હિતેષ ચાવડાએ જણાવ્યું હતું કે ગયા મહિને ડો. કનુભાઈએ પેટની તકલીફ, અશક્તિ અને કમળાની ફરિયાદ સામે હોસ્પિટલનો સંપર્ક કર્યો હતો. તબીબી તપાસમાં જણાવ્યું હતું કે તેમને ૨૦ વર્ષ અગાઉ કોઈ રક્તદાતા તરફથી તેમને હીપેટાઈટીસીસનો ચેપ લાગ્યો હતો અને તેના કારણે લીવર સિરોસીસ થયું હતું. તેઓ ટર્મિનલ લીવર ફેઈલ્યોરના છેલ્લા તબક્કાનો ભોગ બન્યા હતા અને લીવર ટ્રાન્સપ્લાન્ટેશન કર્યા વગર થોડાક સપ્તાહથી વધુ જીવી શકે તેમ ન હતા. આથી અમે તેમને મૃત વ્યક્તિનું લીવર ટ્રાન્સપ્લાન્ટ નહીં કરવા માટે સલાહ આપી હતી. કારણ કે આવા કિસ્સાઓમાં દર્દીના બ્લડ ગ્રુપ અને પ્રતિક્ષા યાદીના નંબરને આધારે લીવર મેળવવા માટે ૧ થી ૧૨ મહિના રાહ જોવી પડે છે. આથી અમારી સમક્ષ તેમની ઉપર એલડીએલટી (લીવીંગ ડોનર લીવર ટ્રાન્સપ્લાન્ટેશન) કરવાનો એક માત્ર વિકલ્પ હતો. તેમના સાળા શ્રી પૂનમ પરમાર, ડો.ગોહિલની મદદે આવ્યા. તેમનું બ્લડ ગ્રુપ મેચ થતું હોવાથી તેમણે તેમના લીવરનો એક હિસ્સો દાનમાં આપવાની ઈચ્છા દર્શાવી. તા. ૨૦મે ના રોજ સ્ટર્લિંગ હોસ્પિટલ ખાતે પાસ-પાસેના ઓપરેશન થિયેટર્સમાં આ ઓપરેશન કરવામાં આવ્યું અને દાતા તેમજ દર્દીને હોસ્પિટલમાંથી અનુક્રમે ૭ અને ૧૨માં દિવસે તંદુરસ્ત અને સ્થિર હાલતમાં રજા આપવામાં આવી હતી.

એલડીએલટીની અનિવાર્યતા અંગે ચર્ચા કરતા ડો.ચાવડાએ જણાવ્યું હતું કે ઉપયોગમાં લેવાતા સ્ત્રોતોને ધ્યાનમાં રાખતાં એલડીએલટીએક ઘણી મોટી કહી શકાય તેવી શસ્ત્રક્રિયા છે. લીવર દાતા અને સ્વિકારનાર દર્દી માટે ઓછામાં ઓછા ૩૦ સ્પેશ્યાલીસ્ટ ડોક્ટર્સની ઓપરેશન પહેલાં દરમ્યાન અને પછી જરૂર પડે છે. આ શસ્ત્રક્રિયામાં દર્દીના સંબંધી (ડોનર)ના લીવરનો એક ભાગ દુર કરીને લીવરની બિમારી ધરાવતા દર્દીમાં બેસાડવામાં આવ્યો છે. ઓપરેશન દરમ્યાન ત્રણ સર્જન ડોનરના અને ત્રણ સર્જન લીવર સ્વિકારનાર દર્દીની શસ્ત્રક્રિયા માટે જરૂરી બને છે. આ બને માટે એક એક એનેલસ્થેટીસ્ટની જરૂર પડે છે. આ ઉપરાત રિલીફ સર્જનને પણ હાજર રાખવામાં આવે છે. સમગ્ર ઓપરેશન દરમ્યાન રેડિયોલોજીસ્ટને પણ થિયેટરમાં હાજર રાખવામાં આવે છે જેથી અલ્ટ્રાસાઉન્ડ સ્કેન કરીને જાણી શકાય છે કે ડોનર નું લીવર સ્વિકારનાર શરીરમાં યોગ્ય રીતે ગોઠવાઈ ગયું છે. અને લોહીનો પ્રવાહ યોગ્ય રીતે પ્રસ્થાપિત થયો છે.